નોમિની અને કાનૂની વારસદાર વચ્ચેના ફરકનું  મહત્ત્વ સમજવામાં સાર

# વિલ વિના તમારી મિલકત વહેંચણીની ઈચ્છા અધૂરી રહી શકે

**મિલકતના કાનૂની વારસદાર અને નોમિની વચ્ચે શું ફરક? નોમિની રાખવાનો આશય શું હોય છે, નોમિનીની વાસ્તવિક ભૂમિકા શી હોય છે?  વિલ ન બનાવ્યું હોય તો શી અસર થઈ શકે? આવા અનેકવિધ સવાલોના સાચા જવાબ-સાચી સમજ વિના તમારી જ મિલકત તમારે જેને આપી જવી છે તેને મળવામાં જ અવરોધ ઊભા થઈ શકે છે, આ વિષયને યોગ્ય રીતે સમજીને તેનો અમલ કરવામાં આવે તો અનેક પરિવારોના સંપત્તિ સંબંધી વિવાદો ટાળી શકાય છે.**

આપણે અગાઉ ઈન્વેસ્ટરના અવસાન બાદ તેના નામના શેર્સનો અધિકાર મેળવવાની સેબીએ સરળ બનાવેલી વિધિની ચર્ચા કરી, જેમાં કાનૂની વારસદાર અને નોમિનીઝની વાત આવી. જોકે હજી ઘણાના મનમાં કાનૂની વારસદાર અને નોમિનીઝ વચ્ચેના ફરકની પર્યાપ્ત સમજ નથી. આ ફરકને સરળ શબ્દોમાં સમજવાનો પ્રયાસ કરીએ.

દરેક વ્યક્તિ અને પરિવારને લાગુ પડતા આવા સવાલો એ છે કે શું કાનૂની વારસદાર અને નોમિની એકસમાન જ ગણાય? ઈન્વેસ્ટરના અવસાન બાદ નોમિનીને નાણાં મળી જાય એટલે વાત પૂરી?, કિંતુ કાનૂનની દૃષ્ટિએ તેમાં ફરક હોઇ શકે અને કાનૂની દૃષ્ટિએ જે ખરું તે જ માન્ય ગણાય.

### નોમિની એ ટ્રસ્ટી અથવા કેરટેકર

વાસ્તવમાં નોમિની એ વ્યક્તિની એસેટસ-મિલકતનો ટ્રસ્ટી અથવા કેરટેકર ગણાય, માલિક કે વારસદાર નહીં. નોમિની એ ઈન્વેસ્ટરે પોતાના સ્વજનો કે પ્રિયજનોને પોતાના અવસાન બાદ જે મિલકત આપી જવી છે તેની કાળજી રાખવા માટે નિમેલી વિશ્વાસુ વ્યક્તિ હોય છે. તેની જવાબદારી ઈન્વેસ્ટરના કાનૂની વારસદારોને એ મિલકતની વહેંચણી કરવાની હોય છે. ઈન્વેસ્ટરના અવસાન બાદ ભલે નોમિની પાસે બધી મિલકત આવે, તેણે તો એની ટ્રસ્ટી તરીકે ફરજ બજાવવાની હોય છે. હા, મોટે ભાગે એવું બનતું હોય છે કે ઈન્વેસ્ટર પોતાના અવસાન બાદ જેને મિલકત જવી જોઇએ એ જ વ્યક્તિ કે વ્યક્તિઓને નોમિની તરીકે રાખે છે, કિંતુ ઘણી વાર ચોકકસ કારણોસર કોને કેટલી મિલકત આપવી એવો નિર્ણય બાકી હોય તો પ્રથમ નોમિનીને નીમે છે અને નોમિનીને પોતાના વિલ મારફત એ મિલકતની વહેંચણી કરવાનું કહી જાય છે. કાનૂની વારસદાર એ જ ગણાય છે, જેમનું નામ વિલમાં નોંધાયેલું હોય છે.

### વિલ નહીં તો સકસેસન કાનૂન

વિલ બનાવાયું ન તો હોય એવા મામલામાં સકસેસન કાનૂન લાગુ પડે છે અને તે મુજબ મિલકતની વહેંચણી થાય છે, કારણ કે સકસેસન કાનૂનમાં કોને કેટલી મિલકત મળે એ નિશ્ચિત માળખા મુજબ કરવાનું હોય છે. જોકે જીવન દરમ્યાન વ્યક્તિએ પોતાનું વસિયતનામું બનાવીને એકઝિકયુટ કર્યું હોય અને તેમાં તેની પત્ની અને સંતાનોના નામ છે તો પછી એ વિલ અનુસાર એ વ્યક્તિની વિદાય પછી તેની પત્ની-સંતાનોને મિલકત મળે છે. એ સમયે સકસેસન કાનૂન ચાલતો નથી.  નોમિની પોતે કાનૂની વારસદાર પણ હોઈ શકે, ત્યારે

નોમિનેશનમાં પત્ની અને સંતાનોનાં પૂર્ણ નામ, સરનામાં, ઉંમર અને સંબંધ જેવી બાબત સ્પષ્ટ નોંધાયેલી હોવી જોઈએ. જો નોમિની માઈનર (સગીર) હોય તો તેની માટે એક મેજર વ્યકિતની નિમણૂક થઈ શકે.

**નોમિનીની નિમણૂકનો લાભ શું?**

જો નોમિની સંબંધિત મિલકતનો માલિક થવાનો ન હોય તો તેની નિમણૂક શા માટે થાય ?  જેનો જવાબ છે કે દરેક ઈન્વેસ્ટર વ્યકિત ઈચ્છતી હોય છે કે તેના અવસાન બાદ તેના શેર્સ, મ્યુચ્યુઅલ ફંડની યોજનાઓના નાણાં, વિમાની પાકતી રકમ, વગેરે  સંબંધિત  સંસ્થાઓ કે કંપનીઓ પાસે પડ્યા રહેવાને બદલે પોતે એવી વ્યકિતને નોમિની તરીકે રાખે, જેના પર તેને પૂર્ણ વિશ્વાસ હોય, નોમિની તે વ્યકિતના કાનૂની વારસદારોને એ અધિકાર વ્યવસ્થિત રીતે પહોંચતો કરે.  અન્યથા, ઈન્વેસ્ટરના અવસાન બાદ તેના કાનૂની વારસદારોએ લાંબી વિધિમાંથી પસાર થવાની નોબત આવે છે, જેમ કે વિદાય લેનાર વ્યકિતનું ડેથ સર્ટિફીકેટ, સંબંધોના પુરાવા, વગેરે સુપરત કરવા પડે છે, તેમણે વિવિધ કંપનીઓ-સંસ્થાઓ સાથે ડીલ કરવાનું આવે છે. પરંતુ જો નોમિની હોય તો આ કંપનીઓએ સીધેસીધી એ મિકલત નોમિનીને ટ્રાન્સફર કરી દેવાની રહે છે. કંપનીઓ આમ કરવા બંધાયેલી છે, એ પછી મામલો નોમિની અને અવસાન પામનાર ઈન્વેસ્ટરના કાનૂની વારસદારો વચ્ચે જ રહે છે. અલબત્ત, આ વિષયમાં તમારે તમારા લીગલ-ફાઈનાન્સિયલ સલાહકાર સાથે પણ મસલત કરી લેવી જોઈએ.

બાય ધ વે, સેબીએ વિવિધ એસેટ કલાસ માટે નોમિનીની નિમંણુક ફરજિયાત કરાવવા માટેની મુદત લંબાવીને હવે ડિસેમ્બર ૨૦૨૩ સુધીની કરી છે.

પ્રસ્તુતકર્તા- જયેશ ચિતલિયા

(નોંધઃ આ વિચારો અને અભિપ્રાય લેખકના છે, જેનો હેતુ રોકાણકારોની જાણકારી અને જાગૃતિ માટે છે, આમાં કોઈ ક્ષતિ હોય અથવા અધૂરપ હોય તો એ માટે બીએસઈ જવાબદાર નથી).